# નૂતન પર્યાયમાં શૈક્ષણિક ગ્રંથાલયોની ભૂમિકા

ડૉ. ફાલ્ગુનીબેન પ્રજાપતિ
ગ્રંથપાલ,
એન. પી. પટેલ મહિલા આર્ટસ કોલેજ,પાલનપુર

## ૧. પ્રસ્તાવના

શૈક્ષણિક ગ્રંથાલયનું મહત્ત્વ દર્શાવતા પ્રો.શેરાએ નોંધ્યું છે, ‘‘પુસ્તકો સિવાયનો ખંડ એ આત્મા સિવાયના શરીર સમાન છે.’’ જગતની પ્રાચીન સંસ્કૃતિઓ આશરે પાંચ હજાર વર્ષ પૂર્વે વિકસી હતી. ભારતમાં પુસ્તકોને હંમેશા પૂજનીય માનવામાં આવે છે. તેનો સંગ્રહ કરવાની પરંપરા ઘણી પ્રાચીન છે. આથી પ્રાચીનકાળથી આજના યુગ સુધીના સમયગાળામાં માનવીએ જે પ્રગતિ સાધી છે તેમાં ગ્રંથાલયોએ જીવીત અભિલેખાગારની ભૂમિકા અદા કરી છે. સમયના બદલાવની સાથે હવે ગ્રંથાલયો વિકસતા રહ્યા છે. માહિતી અને ટેકનોલોજીના લીધે કોમ્પ્યુટર, ટેલિકોમ્યુનિકેશન, નેટવર્ક, ઈન્ટરનેટ, સી.ડી. રોમ, મલ્ટીમીડિયા વગેરેનો સમાવેશ થયો છે. જેથી ગ્રંથાલયો હવે ચાર દિવાલો વચ્ચે ગ્રંથાલય ન રહેતા વિશ્વ ગ્રંથાલયી તરીકેની ભૂમિકા અદા કરી રહયા છે. પ્રેસિડન્ટ ટુ મેન્સ કમિશન ઓન હાયર એજયુકેશન (અમેરિકા) એ ગ્રંથાલયનું મહત્ત્વ સ્વીકારતાં કહ્યું છે કે, ‘‘સર્વોચ્ચ શિક્ષણ પ્રણાલી અને શોધની મહત્તાના ખ્યાલથી પુસ્તકાલયનું સ્થાન શિક્ષકો પછી તરત જ આવે છે. અને તેથી જ કાલના સમયમાં શૈક્ષણિક ગ્રંથાલયો એ નવી ટેકનોલોજીથી સચિત થવું તે અનિવાર્ય બાબત બની જાય છે. ’’

## ૨. શૈક્ષણિક ગ્રંથાલયોનું મહત્ત્વ

શૈક્ષણિક ગ્રંથાલય એ શિક્ષણના વિવિધ સાધનો પૈકીનું સૌથી સરળ, સુપ્રાપ્ય અને હાથવગું સાધન છે. એક સિકકાની બે બાજુઓની જેમ અવિભાજય અંગ બની ગયું છે. આજના માહિતી વિસ્ફોટ, જ્ઞાન વિસ્ફોટના જમાનામાં મોટાભાગની માહિતી કાગળ પરજ મુદ્રિત સ્વરૂપે પ્રકાશિત થાય છે. આ માહિતી મોટાભાગે પુસ્તકો, સામાયિકો, અખબારો કે સંશોધન નિબંધના સ્વરૂપે પ્રકાશિત થતી રહે છે. એક અંદાજ મુજબ વિશ્વમાં આશરે દર સેકંડે ૨૬૦ જેટલા પુસ્તકો પ્રકાશિત થાય છે. વિજ્ઞાન અને ઉદ્યોગોના ક્ષેત્રમાં જ ૫૦ હજાર થી વધુ સામયિકો વધારે ભાષામાં પ્રકાશિત થાય છે. જે શોધકો અને ઉત્પાદકો સુધી પહોંચાડતા હોય છે. વિશ્વમાં દરેક ક્ષેત્રે નવી ટેકનોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે. આધુનિક ટેકનોલોજીના કારણે કોમ્પ્યુટર, માઈક્રોપ્રકાશન, વિડિયોડીસ્ક, ટેલિકોમ્યુનિકેશન કે ટેલીટેક્ષ અને સેટેલાઈટ કોમ્યુનિકેશન જેવા ઈલેકટ્રોનિકસ ઉપકરણો, પુસ્તક પ્રકાશન, વ્યવસાય અને ગ્રંથાલય સેવાના સમગ્ર માળખામા આગવું સ્થાન નકકી કરે છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગને કારણે શૈક્ષણિક ગ્રંથાલયનું માળખું બદલાયું છે. કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની મદદથી ગ્રંથાલય સેવા અતિઝડપી બની છે. આમ શૈક્ષણિક ગ્રંથાલય એ નવીન અભિગમો અપનાવીને વાચકોને યોગ્ય માહિતી અને સંશોધનકાર્ય પુરૂ પાડે છે.

## ૩. શૈક્ષણિક ગ્રંથાલયના નૂતન અભિગમો

હાલના યુગમાં ટેકનોલોજીનું વર્ચસ્વ છે અને તેમા પણ માહિતી ટેકનોલોજીના તેના વિશિષ્ટ સ્વરૂપને કારણે વિશેષ પ્રભાવકારક છે શૈક્ષણિક ગ્રંથાલયના નૂતન અભિગમો જોઈએ તો તે નીચે પ્રમાણે છે.

- **Retrocomyersion** : ગ્રંથાલયના તમામ પુસ્તકો, મેગેઝીનો અને દૈનિક પેપરોનું Retro Conversion.
- **OPAC (Online Public Accesses catelogue)** : વાચકોને ગ્રંથાલયમાં કયા કયા લેખકોના, કયા કયા વિષયોના, કેટલા અને કયા પુસ્તકો હાજર છે તેની માહિતી પ્રાપ્ત કરી શકાય છે. એટલે કે OPAC દ્વારા લેખક, શીર્ષક અને વિષય મુજબના પુસ્તકો શોધવાની સુવિધા તથા ગ્રંથાલયમાં આવતા મેગેઝીન અને દૈનિક પેપરના કયા કયા અંકો આવેલ છે, પોતાને જરૂરી પુસ્તક ઉપલબ્ધ છે કે ISSUE થયેલ છે તેની માહિતી આપી દરેક વાચકને જરૂરી તમામ માહિતી પોતે જાતે મેળવી પોતાનો અને ગ્રંથાલય સ્ટાફનો જરૂરી સમય બચાવી શકાશે.
- **Book Issue / Return :** સામાન્ય રીતે આપ લે વાચકને પુસ્તકો કાર્ડ પધ્ધતિથી Issue / Return કરીએ છીએ જેને બદલે વાચકોનો સમય બચાવવા, ઝડપી અને ચોકકસ સેવાઓ આપવાના ભાગરૂપે, ગ્રંથાલયના વાચકોને ખિસ્સામાં રહી શકે તેવા

Lamination Member Card આપવામાં આવશે જેનાથી Member Bar Code Reader વડે Account Open થઈ શકશે. વાચકને Barcode દ્વારા પુસ્તક Issue / Return ની મહત્ત્વની કામગીરી થવાથી ઝડપી અને કાર્યક્ષમ સેવાઓ પ્રાપ્ત થશે.

- **Reader Awarness :** ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝેશન દ્વારા નવા આવતા પુસ્તકોનું Display, નવા આવતા વાચકોને તેમના રસના વિષયોની માહિતી આપી વાચકોની માંગણીના વિષયોના પુસ્તકોની માહિતી મેળવી પ્રાધાન્ય આપી શકાય છે.
- **Book / Member Status :** ગ્રંથાલયમાં વસાવેલ પુસ્તકો હાલ Available છે કે કેમ? ગ્રંથાલયના કયા મેમ્બર પાસે કયા કયા પુસ્તકો ઈસ્યુ થયેલ છે? વર્ષ દરમિયાન મેમ્બરે વાંચેલ પુસ્તકોની યાદી મળશે.

### ૪. ગ્રંથાલયના નૂતન અભિગમથી વાચકોને મળનારા લાભ નીચે મુજબ છે.

- **Web OPAC :** ગ્રંથાલયનો વાચક કે અન્ય ઉપયોગ કરતા ઈન્ટરનેટ દ્વારા દુનિયાના કોઈપણ ખૂણે, કોઈપણ સમયે જે તે ગ્રંથાલયને વેબસાઈટ દ્વારા Online Public Access Catelogue જોઈ શકશે.
- **Web Book Status :** ગ્રંથાલયનો વાચક કે ઉપયોગકર્તા ગમે તે સમયે ગમે તે જગ્યાએથી ગ્રંથાલયમાં કઈ કઈ બુકસ વસાવેલ છે કે તે ઈસ્યુ માટે ઉપલબ્ધ છે કે કેમ તે જાણી શકાય છે.
- **Web Member Status:** ગ્રંથાલયનો વાચક ઘેર બેઠા પોતાના ખાતામા કઈ બુક ઈસ્યુ થયેલ છે? કઈ બુકસ ઈસ્યુ થઈ શકશે ? અને પોતે કઈ બુકસનો અભ્યાસ કરેલ છે તે જાણી શકાય છે.
- **Web Search by all computer Library :** કોઈ વાચક પોતે સભ્ય હોય તો તે ગ્રંથાલય કે અન્ય કોમ્પ્યુટરાઈઝ થયેલ ગ્રંથાલયમાં પોતાને જોઈતું પુસ્તક ઉપલબ્ધ થશે કે કેમ? તે જાણી શકે છે.

### ૫. ઉપસંહાર

પ્રસ્તુત લેખમાં ગ્રંથાલયોની સાંપ્રત પરિસ્થિતિ અને નૂતન અભિગમ દ્વારા તેના ઉકેલનો વિગતવાર ચિતાર આપવાનો પ્રયાસ કર્યો છે. આ માટે ગ્રંથાલયો અને ગ્રંથાલય જગતના નિષ્ણાંતો, તજજ્ઞોએ જાગૃત થઈ સજજતા કેળવવાની તાતી જરૂરિયાત છે. તમામ ક્ષેત્રમાં ગ્રંથપાલો સંગઠિત થઈ નૂતન અભિગમો દ્વારા જાગૃતિપૂર્વક પ્રયાસ કરવામાં આવશે તો ગ્રંથાલયોનું ભાવિ ઉજ્જળ બની રહેશે. વૈશ્વિકરણના આ યુગમાં ગુણવત્તાની સાથે સાથે જ્ઞાન અને માહિતીના વ્યાપક ઉપયોગ માટે ગ્રંથાલયો મહ વનું પરિબળ બની રહેશે.

### સંદર્ભસૂચિ

૧. પ્રજાપતિ, મણિભાઈ, (૨૦૦૩). (સંપાદક) ૨૧મી સદીમાં ગ્રંથાલયોનું ભાવિ. અમદાવાદ : પ્રાર્શ્વ પબ્લિકેશનઈ.
૨. પ્રજાપતિ, મણિભાઈ, (૧૯૯૮). (સંપાદક) ઉચ્ચ શિક્ષણમાં ગ્રંથાલયની ભૂમિકા. પાટણ : શ્રી પી. ટી. પટેલ ષષ્ટીપૂર્તિ અભિનંદન ગ્રંથ સમિતિ.
૩. Sahai, Shri Nath (2009) .Academic Library System. 2nd ed. New Delhi: Ess Ess Publications.